**આંક–૧ નું સાંધણ,કો.મુ.નંબર:૧૫/૨૦૦૩**

## શ્રી ઠાસરાના મુખ્ય સીવીલ જજ  સાહેબની કોર્ટમાં, મુ.ઠાસરા.

**કો.મુ.નંબર:૧૫/૨૦૦૩**

**<u>આંક–૧ હેઠળ હુકમ</u>**

આજ રોજ  સાંજના ૫–૩૦ સુધી પોકાર કરાવતા વાદીઓ હાજર નથી. વાદીઓના વિ.વ.શ્રી હાજર નથી. પ્રતિવાદી નં.૨ છે. સદર દાવો સને ૨૦૦૩ની સાલનો છે. સદર દાવો હાલમાં  વાદીઓના પુરાવાના સ્ટેજે ચાલે છે. અને આંક–૧૧૦,૧૧૧ ની સુનાવણી પર હોઈ સુનાવણી કરવા સારુ ઘણી તક આપવામાં આવેલ છે તેમ છતાં સુનાવણી કરેલ નથી.  તેમજ સદર દાવાના કામે વાદીઓને પોતાનો પુરાવો રજુ કરવા માટે ઘણી તક આપવા છતાં વાદીઓ કે તેમના વિ.વ.શ્રી જાતે હાજર રહી પુરાવો રજુ કરેલ નથી. સદર દાવો વાદીઓને આગળ ચલાવવામાં કોઈજ રસ નથી તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતું હોઈ, સબબ વાદીઓની  ગેરહાજરીના કસુરના કારણે સદર દાવો કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૬મી માહે : ઓગષ્ટ, સને : ૨૦૧૬  ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૬/૦૮/૨૦૧૬

ઠાસરા

(ભાર્ગવસિંહ રવસિંહ સોલંકી )
(GJ00919)
મુખ્ય સીવીલજજ
ઠાસરા.